| | | |
|---|---|---|
| वर्ष : १९ | सने : २०२१ | सं.२०७७ |
| अंक : १, | સળંગ અંક-૧૧૦ | श्रावण-ओगष्ट |

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૯ સને ૨૦૨૧ સં.૨૦૭૭

અંક : ૧ શ્રાવણ ઓગષ્ટ સળંગ અંક-૧૧૦

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**



**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ વિશ્વમાં અજોડ જૈન શિલ્પ-૪

★ પત્ર પ્રેરણા, ૧-૨-૩

★ પુનર્જન્મ

★ અનુમોદનાનું અમૃત


## આર્ષવાણી

**सुपरिच्छियसम्मपत्तो,**

**नाणेणालोइयत्थ-सब्भावो ।**

**निव्वणचरणाउत्तो,**

**इच्छियमत्थं पसाहेइ ।।**

અતિદૃઢ સમ્યગ્દર્શનવાળો, જ્ઞાનથી જીવાદિ તત્ત્વોના બોધવાળો અને નિર્વ્રણ = અતિચારરહિત ચારિત્રવાળો જીવ ઈચ્છિત અર્થ-મોક્ષને સાધે છે, પ્રાપ્ત કરે છે.

- ઉપદેશમાળા

એક મુનિ બીજા મુનિને કર્કશવચન બોલે તો એક દિવસનાં તપ-સંયમ હણાય છે. જાતિ વગેરેનો આક્ષેપ કરે તો એક મહિનાનાં અને શ્રાપ આપે તો એક વર્ષનાં તપ-સંયમ હણાય છે. મારી નાંખે તો સમગ્ર ચારિત્રપર્યાયનો ઘાત કરે છે. - ઉપદેશમાળા



## ★ વિશ્વમાં અજોડ જૈન શિલ્પ-૪ ★★★

- પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મ.સા.

અન્ય - અન્ય કાર્યોની વ્યસ્તતાના યોગે પ્રતિષ્ઠા કરાવનાર આચાર્યભગવંતાદિને કે વિધિકારકોને કઈ ક્રિયા થઈ હતી, કઈ બાકી હતી...? વગેરે યાદ હોતું નથી. બધા જ પોત-પોતાનાં કાર્યો પૂરાં થઈ ગયાનો (જવાબદારીનો નહીં) અહેસાસ કરતા હોય છે. સોમપુરા - વિધિકાર અને પ્રતિષ્ઠાકારક આચાર્ય ભગવંતાદિને પોતાનાં કાર્યોની પૂરી જાણકારી - જવાબદારી પ્રત્યેની સજાગતા આદિ હોવું જોઈએ.

કોઈપણ વિધિ-વિધાનને સામાન્ય ન ગણવાં. મહાત્માઓએ પણ વિધિકારોની ઉપર નજર-ધ્યાન રાખવું જોઈએ. છદ્મસ્થતા વશ કે પ્રમાદવશ તે વિધિકાર કોઈ ચીજ ભૂલી જાય તો ધ્યાન દોરવું. વિધિકારકે પણ તેનો સરળભાવે - નમ્રભાવે સ્વીકાર કરવો. તેને અપમાન ન ગણવું.

એકવાર અમદાવાદમાં એક જિનાલયમાં ભગવાનનો પ્રવેશ હતો. વિધિકાર નામાંકિત હતા. ભગવાનના પ્રવેશમાં કરવાની વિધિમાં લોટ(કણેક)નો ચાર ખૂણાવાળો માણિક્યદીવો કરવાનો હોય છે. તે પ્રગટાવ્યો ન હતો. તેથી મેં તે વિધિકારને અપમાન ન લાગે તે માટે કાનમાં કહ્યું: ભાગ્યશાળી ! કદાચ તમે તમારા સહાયકને દીવો પ્રગટાવવા જણાવ્યું હશે... પરંતુ તે ભૂલી ગયો લાગે છે. માણિક્ય દીવો પ્રગટાવ્યો જ નથી... મને જવાબમાં તે ભાગ્યશાળીએ જણાવ્યું કે - 'મહારાજ ! આ મારી પંચાવનમી પ્રતિષ્ઠા છે...' આનો મતલબ, તેમનો કહેવાનો ગર્ભિત સૂર એવો હતોઃ મારી ભૂલ થાય જ નહીં. તમારે મને કાંઈ જ કહેવાની જરૂર નથી. તેમના મગજમાં કેવી 'રાઈ' ભરાઈ હશે કે - બપોરના શાંતિસ્નાત્રમાં આવવા તૈયાર ન થયા. શ્રાવકોએ ઘણા-ઘણા વિનવ્યા, આજીજી કરી-માફી માંગી ત્યારે એ 'લોર્ડસાહેબ' પધાર્યા. અલબત્ત, આ આજીજી વગેરેના સમાચાર તો મને ખૂબ મોડા મળ્યા. આવા વિધિકારો પોતાની જાતને ભગવાન કહેવડાવે... તેવાં માન-પાનના ભૂખ્યા હોય એવું જણાય છે. આચાર્ય કે ગુરુ મ. ને પણ તેઓ ગણકારતા નથી. વિધિકારની આ લાયકાત કહેવાય ને ? વિધિકાર કોણ બની શકે ? દેવ-ગુરુ પ્રત્યે તેના હૈયામાં કેવો બહુમાનનો ભાવ હોવો જોઈએ?

વિધિકારો કેવા હોવા જોઈએ ? કોણ વિધિ-વિધાન કરાવી શકે ? તેના માટે નીતિ-નિયમો ઘડવા જરૂરી જણાય છે. આ કાર્ય યુદ્ધના ધોરણે થવું જોઈએ. આજ-કાલ વિધિ-વિધાનો કરાવનારા મોં માંગ્યા પૈસા પડાવે છે. એટલા રૂપિયા આપ્યા પછી પણ શુદ્ધ વિધિ કરાવતા નથી. શ્રાવકોને તો કાંઈ જ્ઞાન હોતું નથી. ઘણી વખત ગુરુભગવંતો પણ કેટલાંક વિધિ-વિધાનોમાં ગરબડ જણાય તોય ઉપેક્ષા કરે છે. રોક-ટોક કરતા નથી. ક્યારેક ગુરુ-ભગવંતો ધ્યાન આપતા નથી, તો ક્યારેક તેમને પણ દરેક વિધિઓનું જ્ઞાન હોતું નથી.

દક્ષિણના વિહારમાં હમણાં એક જિનાલયમાં ગયો. ત્યાં નજર કરતાં ખ્યાલ આવ્યો કે અહીં આદિનાથ ભગવાનની પ્રતિમા દિગંબર અવસ્થાવાળી પધરાવી દીધી છે. આ પ્રતિમાની અંજનવિધિ ૧૦ વર્ષ પૂર્વે જ થઈ છે, તે પણ સેંકડો અંજન-પ્રતિષ્ઠા કરાવવાની ખ્યાતિ ધરાવે છે !! આચાર્યની જવાબદારી શું હોવી જોઈએ ? તે પ્રતિમાને કચ્છ-કંદોરો નથી. કાન ટૂંકા છે... ચક્ષુ હાલ તો લગાવેલા હોવાના કારણે અંદર (નીચે) ચક્ષુ બંધ છે કે ખુલ્લા, તે જાણી શકાતું નથી. ૧૦ વર્ષમાં ઘણા આચાર્યભગવંતો વગેરે આવી ગયા... કોઈએ આ વાત જોઈ-વિચારી નથી ! સૂચના કરી નથી. આચાર્ય ભગવંતો - વિધિકારકો - શ્રાવકોએ પોત-પોતાની જવાબદારીનો, પૂરી તકેદારી સાથે ખ્યાલ-ઉપયોગ રાખવો જોઈએ. કારણ, જાણે-અજાણે થયેલી ભૂલોનાં દુષ્પરિણામો ભોગવવાનો વખત આવે જ છે. કાર્ય પૂરું કરવા માટે જ નહીં, વિધિ-આજ્ઞાપૂર્વક સંપન્ન કરવા માટેની ભાવના હોવી જોઈએ.

આજ-કાલ કેટલાક વિધિકારકો ભગવાનની સામે ભાષણ કરતા જોવા મળે છે. ગમે-તેમ ઉચિત - અનુચિત બોલતા હોવા છતાં એ વિધિકારકને 'ખૂબ જાણકાર' નું લેબલ મળી જાય છે ! કેટલીકવાર તો શાસ્ત્રથી વિરુદ્ધ વાતોય કરતા હોય છે. ક્યારેક સંસારપોષક વાતોય કરતા હોય છે. લોકો વાહ-વાહ કરતા જોવા મળે છે. ઊંટ-ગધેટાવાળી- 'અહો રૂપં, અહો ધ્વનિઃ' જેવી ઘટનાનો આભાસ થાય !!

પાયાની ભૂલ તો; આખી ઈમારત-વાસ્તુની ભૂલવાળી ગણાય એટલે શિલાન્યાસ પાયાની ક્રિયા ગણાય. કેટલી ચોકસાઈ હોવી-રાખવી જોઈએ ? મુખ્ય કૂર્મ-શિલામાં ૯ ખાનાં હોય છે. દરેકમાં અલગ-અલગ ચિત્રો કોતરેલાં હોય છે. કયાં ખાનામાં કયાં ચિત્રો કોતરવાં ? તેનું સચોટ વિધાન છે.

હમણાં - હમણાં એક મહાત્માએ એવો પ્રચાર ચાલુ કર્યો છે કે - જિનાલય-



ની દિશા પ્રમાણે ચિત્રોમાં પરિવર્તન કરવું જોઈએ - શિલ્પના ગ્રંથોનું અવલોકન કરતાં અને વર્ષોની પરંપરાને જોતાં એ વિધાન ઠીક લાગતું નથી. જિનાલયના જીર્ણોદ્ધાર સમયે મળેલી જૂની (પ્રાચીન) શિલાઓમાં પણ એવું જણાયું નથી. જિનાલયની દિશા નક્કી કરવા માટે ભગવાન - ભૂમિ - રાજમાર્ગ - ભૂમિનો ઢાળ વગેરે તથા ગામ - જૈનોની વસ્તી કઈ દિશામાં છે ? વગેરે જોઈને નિર્ણય કરવાનો છે. દિશા નિશ્ચિત થયા પછી નક્ષત્ર - ગણ - આય - વ્યય - પ્રમાણે ગર્ભગૃહાદિના માપ નક્કી કરાય છે. તે માપ પ્રમાણે શિલાનાં માપ આદિ નક્કી થાય છે. શિલ્પના ગ્રંથો જેવા કે - ક્ષીરાર્ણવ - વાસ્તુસાર - વગેરેમાં કૂર્મ-શિલાનાં ચિત્રો બનાવવા માટે કૂર્મનું મુખ ભગવાનના જિનાલયના મુખ્ય દરવાજા તરફ રાખી પૂર્વદિશા - અગ્નિખૂણો - દક્ષિણદિશા વગેરેમાં સૃષ્ટિક્રમથી પાણીની લહેર - માછલું- દેડકો - મગર - ગ્રાસ - કુંભ - સાપ - શંખ : આ આઠ ચિત્રો કોતરવાનાં છે. આ બધાં ચિત્રો પાણી સંબંધી છે. એક ખાનામાં પાણી છે. તો કુંભ સિવાયનાં ૭ ચિત્રો જળચર જીવોનાં પ્રતીક છે. તેમાંય શંખ બેઈન્દ્રિય છે. જ્યારે બાકીનાં છ ચિત્રો પંચેન્દ્રિય - જળચરનાં છે.

પૂર્વદિશામાં પાણીની લહેર મૂકવા પાછળ પણ રહસ્ય છુપાયેલું છે. ભગવાનની (અથવા) કૂર્મ-કાચબાની સામે પાણી હોવું એ શુભ ગણાવ્યું છે. એ જિનાલયની વૃદ્ધિ-ભક્તિની વૃદ્ધિનું સૂચક છે. જ્યાં પ્રાચીન જિનાલયોની સામે નદી-સમુદ્ર વગેરે છે, ત્યાં આજે પણ, સેંકડો વર્ષ પછી પણ ઉન્નતિ જોવા મળે છે. મધ્યમાં જે કૂર્મ - કાચબો અંકિત થાય છે, તેની પીઠ ખૂબ મજબૂત હોવાના કારણે તેના ઉપર જિનાલયનો ભાર મૂકવામાં આવે છે. તેથી જ તેના ઉપર વાસક્ષેપ કરતાં ૐ કૂર્મ ! નિજપૃષ્ઠે જિનાલયં ધારય ધારય સ્વાહા, એવો મંત્ર બોલાય છે. પ્રાચીન કાળમાં કાચબાની પીઠની જ ઢાલ બનાવાતી હતી, જેના પર તલવારાદિ શસ્ત્રોનાં પ્રહાર કરવામાં આવે તોય તે ભેદાતી નહીં; સુરક્ષા મળતી. શિલામાં કોતરેલા કાચબાની ઊપર સોનાનો અથવા સોનાથી રસેલો ચાંદીનો કાચબો પણ પધારાવાય છે. દરેક શિલાઓની પ્રક્ષાલાદિ પૂજા કરવામાં આવે છે. કાચબાની વિશેષ પૂજા કરવામાં આવતી હોય છે. તેનો સ્વતંત્ર મંત્ર બોલાય છે. મધ્ય શિલા પર ગર્ભનાળ મૂકવામાં આવે છે, જે મૂળનાયકની ગાદી સુધી જાય છે. તેમાં પ્રતિષ્ઠા પૂર્વે ગુપ્તદાન કરાય છે. એટલે કે તેમાં સુવર્ણ-રજત-રત્નાદિ પૂરવામાં આવે છે. તે સુવર્ણાદિ નીચે શિલા સુધી પહોંચી જાય છે.

ભૂતકાળમાં મુખ્યત્વે એક જ ગભારાવાળાં અને એક જ મૂળનાયક પ્રતિમાવાળાં જિનાલયો બનતાં હતાં. પ્રાચીન સિદ્ધગિરિ-શંખેશ્વર-તારંગા - ગિરનાર - આબુ વગેરે જિનાલયો જોવાથી ખ્યાલ આવશે કે - ગભારામાં સામે એક જ ભગવાન છે. તે પણ પરિકર સાથે જ બિરાજમાન કરાતા હતા, તેથી ભગવાનનું જોડાણ (કનેકશન) નીચે શિલા સુધી રહેતું. મધ્યશિલાનું જોડાણ મૂળનાયક સાથે હોય છે. તે જ રીતે બાકીની આઠ (અથવા ચાર) શિલાઓનું જોડાણ મંદિર - જિનાલયોની દિવાલોથી હોય છે. એ આઠ શિલાઓ પર પાયાની તમામ દિવાલો આવે છે. તે આઠ શિલાઓ પર તે - તે દિશાના અધિપતિ (દિક્પાલ)ઓનાં હાથમાં રહેલાં આયુધો - ચિહ્નો કોતરવામાં આવે છે.

શિલ્પરત્નાકર ગ્રંથ આજ-કાલ સોમપુરાઓમાં વિશેષ પ્રચલિત છે. તેમાં આગળનાં શિલાનાં ચિત્રમાં અને પાછલના દિક્પાલોના વર્ણનમાં ગરબડ હોવાથી વાયવ્યદિશાની શિલામાં ચિહ્ન ખોટું બનાવાય છે. આયુધ હોવું જોઈએ એવા ભ્રમમાં આ ભૂલ થઈ હોય - એવું પણ સંભવિત છે. વાયવ્ય દિશાના અધિપતિના વર્ણનમાં તમામ ઠેકાણે તેના હાથમાં ધ્વજા બતાવી છે, જે સામાન્યથી આયુધ સ્વરૂપ નથી. તેથી કેટલાક ત્યાં આયુધ (શસ્ત્ર) બનાવી દે છે. 'બાબાવાક્યં પ્રમાણમ્' જેવી વાત છે. માત્ર ચિત્રો જોઈને કે લખેલું હોય તેને સાચું માનીને અપનાવી લે છે. સંશોધન કરવામાં સૌને રસ નથી. ક્યાંક - ક્યારેક થઈ ગયેલી લેખન - પ્રિન્ટીંગની ભૂલ પણ સંશોધનના અભાવે યુગો સુધી ચાલ્યા કરે છે.

દિશાના અધિપતિ પ્રમાણે તેનાં ચિહ્નો નીચે પ્રમાણે આલેખવાં જોઈએ પૂર્વદિશાના અધિપતિ ઈન્દ્ર, તેમનું આયુધ - વજ્ર છે. તે શિલાનું નામ નંદા છે. અગ્નિખૂણાના અધિપતિ અગ્નિદેવ છે. તેમનું આયુધ શક્તિ છે. તે શિલાનું નામ ભદ્રા છે. દક્ષિણ દિશાના અધિપતિ યમદેવ છે. તેમનું આયુધ દંડ છે. તે શિલાનું નામ જયા છે. નૈઋત્ય ખૂણાના અધિપતિ નિઋતિ દેવ છે. તેમનું આયુધ તલવાર છે. તે શિલાનું નામ રિક્તા છે. પશ્ચિમ દિશાના અધિપતિનું નામ વરુણદેવ છે. તેમનું આયુધ નાગપાશ છે. તે શિલાનું નામ અજિતા છે. વાયવ્યખૂણાના અધિપતિનું નામ વાયવ્યદેવ છે. તેમનું ચિહ્ન ધ્વજા છે. તે શિલાનું નામ અપરાજિતા છે. ઉત્તરદિશાના અધિપતિનું નામ કુબેર છે. તેમનું આયુધ ગદા છે. તે શિલાનું નામ શુક્લા છે. ઈશાનખૂણાના અધિપતિ ઈશાનદેવ છે. તેમનું આયુધ ત્રિશૂલ છે. તે શિલાનું નામ સૌભાગિની છે.



દરેક શિલાના અભિષેક - પૂજાદિ થઈ ગયા બાદ તેના નિર્ણિત વર્ણ પ્રમાણે કપડાં બાંધવાનાં હોય છે. કપડું ઢાંક્યા - બાંધ્યા બાદ તેની સ્થિતિ આડી - અવળી ન થઈ જાય તેનું ધ્યાન રાખવું. તે માટે મીંઢળ આગળ રહે તેમ કપડું બાંધવું. આ શિલોઓની સ્થાપના કરતાં વિદિશાની શિલાઓ ક્રોસમાં નહીં, દિવાલની રીતે સીધી સ્થાપવાનો ખ્યાલ રાખવો. દરેકના આયુધો; દિક્પાલ મુખ્ય શિલાની (કૂર્મ શિલાની) સામે ઊભા હોય ને હથિયાર પકડેલું હોય તેમ સ્થાપવી.

શિલા સ્થાપના કરતાં પહેલાં તેનો ઢાળ કઈ તરફ રાખવો તે નક્કી કરી લેવું. પૂર્વ કે ઉત્તર સન્મુખનું જિનાલય હોય તો શિલાનો ઢાળ તે દિશામાં એટલે કે પૂર્વના જિનાલયમાં પૂર્વ તરફ અને ઉત્તરના જિનાલયમાં ઉત્તર તરફ રાખવો શુભ ગણાય છે. પશ્ચિમનું જિનાલય હોય તો ઉત્તર તરફ અને દક્ષિણ સન્મુખ જિનાલય હોય તો પૂર્વ તરફ શિલાઓનો ઢાળ રાખવો. એક વાર શિલા સ્થાપી દીધી પછી ઉપાડવી કે હલાવવી નહીં. હાલી જાય તો અશુભ ગણાય છે. એનાં દુષ્પરિણામ ભોગવવાં પડે છે; માટે તે અંગે સાવધાની રાખવી. મુખ્યશિલાની ઉપર ઉપશિલા ઢાંકવાની હોય છે. તે સમયે પણ શિલા હાલી ન જાય કે ખસી ન જાય તેની કાળજી રાખવી. તે ઉપશિલાની વચ્ચે ગર્ભનાળ - પાઈપ માટે તેના માપનું પહેલેથી હોલ કરીને રાખવું. પાઈપ તાંબાનો જ વાપરવાનો આગ્રહ રાખવો. તાંબામાં પણ વિશિષ્ટ ગુણો છે. તાંબુ વાહક ધાતુ છે. તેમાં વિશિષ્ટ વાહક શક્તિ છે. તેથી જ ઈલેક્ટ્રીક વાયરોમાં - મોટરોમાં તેનો જ ઉપયોગ કરાય છે. લાંબો સમય ટકી પણ શકે છે જેનું આરોગ્ય સારું હોય તેના માટે એવું કહેવાય છે કે - 'તાંબા જેવું શરીર છે.' માટે તાંબાનો પાઈપ ગર્ભનાળ માટે લગાવવો બીજી કોઈ ધાતુ અથવા પ્લાસ્ટિક વગેરેની પાઈપનો અહીં ઉપયોગ ન કરવો. ભૂતકાળમાં બે પત્થરોને જોડવા માટે પણ તાંબાની પટ્ટીઓનો જ ઉપયોગ કરાતો હતો. લોખંડ થોડા ટાઈમમાં જ કાટ લાગવા વગેરેથી સડી જાય છે. બે પત્થરોને છોડી દે છે. સાંધા ખુલ્લા થઈ જાય છે જ્યારે તાંબાના ક્લેમ્પ યુગો સુધી સડતા નથી, તેથી મજબૂતાઈ બની રહે છે.

જિનાલય બનાવવામાં જો પ્લોટ લંબચોરસ કે ચોરસ મોટો હોય અને થોડી જગ્યામાં જ જિનાલય - ઉપાશ્રયાદિ બાંધવાનાં હોય તો પૂર્વ કે ઉત્તરનો ભાગ ખાલી રાખવો. પશ્ચિમ કે દક્ષિણ વિભાગમાં જિનાલયાદિનું નિર્માણ કરવું હિતાવહ છે. પશ્ચિમ - દક્ષિણને ખાલી રાખીને પૂર્વ - ઉત્તરમાં બાંધકામ ક્યારેય ન કરવું. પશ્ચિમ - દક્ષિણ દિશા હંમેશા ભારે હોવી જોઈએ, જ્યારે પૂર્વ-ઉત્તર દિશા ખાલી અથવા ઓછી ઊંચાઈવાળી કે ઓછા વજનવાળી હોવી જોઈએ. ! (ક્રમશઃ) ધ

## ★ પત્ર પ્રેરણા ★★★

(૧) **આચાર્ય વિજય ભવ્ય દર્શન સૂરિ તરફથી,** ધર્માનુરાગી સુશ્રાવક ભરતભાઈ, હેનલ વગેરે પરિવાર યોગ્ય ધર્મલાભ દેવ-ગુરુ-પસાયે સુખશાતા છે.

વિ. જણાવવાનું કે નાપાડથી પ્રવીણભાઈ દ્વારા નેહલના દુઃખદ સમાચાર જાણવા મળ્યા. નાની ઉંમરે કોરોનાએ તેને કાળનો કોળિયો બનાવી દીધો. અલબત્ત, વિશ્વમાં અને ભારત દેશમાં રોજ આવા હજારો મોત થઈ રહ્યાં છે. કોઈકના માતા-પિતા તો કોઈકનાં સંતાનો, કોઈકની દીકરી તો કોઈકની પુત્રવધૂ... મૃત્યુનાં મુખમાં ધકેલાઈ રહ્યાં છે. મહામારીની સામે દુનિયા ભેગી થઈને પણ બાથ ભીડી શકવા સમર્થ નથી, આ હકીકત દીવા જેવી છે. દુનિયામાં થતી ઊથલ-પાથલ કે મોતની આપણે નોંધ લેતા નથી. જ્યાં 'મારાપણું' આવે છે ત્યાં આપણા મગજમાં ઝડકો લાગે છે. આપણે હાલી જઈએ છીએ. દિલમાં પીડા ઊભી થાય છે.

વાસ્તવિકતા તરફ આપણે નજર નાખવી પડશે. જ્ઞાની ભગવંતોએ એ તરફ નજર નાખી મનને હળવું બનાવવાની વાત કરી છે. એ માટે કેટલીક વિચારણાઓ કરવાનું ફરમાવે છે.

★ જેનો જન્મ થયો છે, તેનું મૃત્યુ નિશ્ચિત થવાનું જ છે, થાય જ છે. જન્મ એ ગુનો છે, મૃત્યુ તેની સજા છે. ગુનાની સજા તો ભોગવવીજ પડેને ? આપણે પણ જન્મ નામનો ગુનો કર્યો છે તો સજા ભોગવવા માટે તૈયાર રહેવાનું છે. અનિચ્છાએ પણ સજા તો ભોગવવી જ પડશે. તે માટે માનસિક તૈયારી કરી લેવી.

★ સંયોગ પછી વિયોગ થાય જ છે. ભેગા થયા પછી છૂટા થવું જ પડે. આ ગણિતને ધ્યાનમાં રાખી નેહલ માટે એ જ વિચારણા કરવાની. સંયોગનો આનંદ માણનારે વિયોગની વેદનાની તૈયારી રાખવી જ પડે. દિવસની પાછળ રાત, તડકાની પાછળ છાંયો, સુખની પાછળ દુઃખ... ની જેમ સંયોગની પાછળ વિયોગ રહેલો જ છે.

★ વર્તમાનમાં દેખાતા માનવો સાથે આપણે દરેક પ્રકારના (માતા-પિતા, ભાઈ-બહેન, કાકા-કાકી, મામા-મામી, ફોઈ-ફુવા, પતિ-પત્ની, નણંદ-ભોજાઈ આદિ) સંબંધો એક વાર નહીં, અનેકવાર બાંધી ચૂક્યા છીએ. તે જ રીતે એક - બીજાના દુશ્મન પણ અનેકવાર બની ચૂક્યા છીએ. પછી કોના ઉપર પ્રેમ રાખવો ? કોને પોતાના અને કોને પારકા માનવા ? ભવ બદલાયા પછી સંબંધોમાં પરિવર્તન



આવી જાય છે. તેથી કોઈના ઉપર રાગ-મોહ કરવા જેવો નથી. રાગ અને મોહ જ આપણને હસાવવા અને રડાવવાનું કામ કરે છે. રાગ અને મમત્વ ભાવના યોગે જ જીવ દુર્ધ્યાનનો ભોગ બને છે. રાગ રડાવે છે, પ્રસન્નતા નહીં. સંસારી જીવ રાગના કારણે રડે છે. સાધુને પ્રસન્નતાના કારણે રડવાની જરૂર પડતી નથી.

નેહલનાં ધર્મપત્ની તથા બાળકોની જવાબદારી હવે તમારા માથે છે. તેમને એકલવાયુ ન લાગે તે રીતે હૂંફ અને સાંત્વન દેશો. અમારા તરફથી ધર્મલાભ સાથે જણાવશો કે - જે કાંઈ ઘટનાઓ બને છે, તે તમામ કર્માધીન છે. તેમાં આપણાં શુભાશુભ કર્મો જ જવાબદાર છે. તે કર્મોનું નિર્માણ આપણા હાથે જ થયેલું છે. કેટલાંક નિકાચિત કર્મો સામે દેવ-દેવેન્દ્ર કે ચક્રવર્તી જેવા શક્તિ-શાળી જીવો પણ લાચાર હોય છે, ત્યાં આપણું શું ગજું ?

મહાસતીઓને જંગલમાં રહેવું પડ્યું... તે પણ એકલાએ જ... જંગલી જાનવરોના ડરામણા - બિહામણા વાતાવરણમાંય તેઓએ વર્ષો વીતાવ્યાં ! આપણી આંખ સામે આવાં ઊંચાં આલંબનો છે, ધર્મ આપણી સાથે છે, દેવ - ગુરુ આપણા માથા પર છે... પછી આપણે ક્યાં ચિંતા કરવાની ? વળી, હજી આપણી સાથે ઘણા બધા છે. આપણે એકલા નથી.

ધર્મને જીવનમાં વધુ લાવવાથી મનનું દુઃખ ભૂલાતું જશે. હળવાશ અનુભવવા મળશે. સામાયિક - પ્રતિક્રમણ - સ્વાધ્યાય અને અધ્યયન સાથે પ્રભુભક્તિ વગેરે ઘણાં સાધનો આપણી પાસે છે. શાસ્ત્રકાર કહે છેઃ શોકના પ્રસંગે કર્મ બંધથી બચવા, નવાં શોક મોહનીય કર્મનાં બંધથી બચવા વધુ ને વધુ ધર્મ કરવાનો છે.

ધર્મસમાધિ આપે છે. ધર્મ જ વિપદાથી ઉગારે છે.

શાસનદેવો અને દેવ-ગુરુના આશીર્વાદ અને ધર્મની ક્રિયાથી સમાધિ મળે, આવેલા દુઃખને સહેવાની શક્તિ મળે; એ જ મંગલકામના.

**(દ.ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ....)** ધ

(૨) **આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ તરફથી,** ધર્માનુરાગી સુશ્રાવક જિજ્ઞેશ - મિહિર આદિ પરિવાર યોગ્ય ધર્મલાભ. દેવ-ગુરુ પસાયે સુખશાતા છે.

તમારા પરિવારના બંને મોભી માત્ર એક જ અઠવાડિયામાં ચાલ્યા ગયા. પહેલાં પિતાનું છત્ર ઝૂંટવાયું. આજે સવારે માતાનું પણ છત્ર કર્મસત્તાએ ઝૂંટવી લીધું...! કર્મસતાની આગળ ચમરબંધીનુંય ચાલતું નથી. ખેર ! કોરોનાએ માત્ર

તમારા પરિવાર ઉપર જ આફતનાં વાંદળો નથી ઊભાં કર્યાં... દેશ અને દુનિયાને તેણે રંજાડવામાં કાંઈ બાકી નથી રાખ્યું. લાખો દિલને વલોવી નાંખ્યાં છે. કેટલાકનાં તેણે છત્ર આંચકી લીધાં છે. તો કેટલાક માતા-પિતા, દાદા-દાદીને તેણે નોંધારાં બનાવી દીધાં છે. કાળે પોતાનો કાળમુખો પંજો ઉગામ્યો છે. વિકટાળ કાળે ચારે બાજુ હાહાકાર મચાવ્યો છે. નથી હોસ્પિટલોમાં જગ્યા.. નથી સ્મશાનમાં જગ્યા.. કેટલાય દશકાઓ પછી કંપારી છોડાવે તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે. ચારે-બાજુથી કાળજાને કંપાવનારી ઘટનાઓના જ સમાચાર જાણવા - સાંભળવા મળે છે. અરે! આ કોરોનાએ સાધુ - સાધ્વીજીને પણ પોતાનાં ભક્ષ્ય બનાવ્યાં છે !!

કાળના પ્રવાહમાં જન્મ અને મરણના સમાચાર રોજના છે. પરંતુ જ્યારે 'આપણાં' કોઈ જાય ત્યારે પરિવારમાં હડકંપ મચી જાય છે. આવા સમયે સગા - સ્નેહીજનો દિલાસો આપવા આવે છે. રૂબરૂ ન આવી શકનારા ટેલિફોનથી એ કાર્ય-જવાબદારી અદા કરે છે. ગુરુભગવંતો આવા સમયે શોકમાં સમાધિ આપવાનો પ્રયત્ન કરે છે. નવા બંધાતાં શોક-મોહનીય કર્મથી બચાવે છે.

આ પત્ર પણ તે માટે જ લખ્યો છે. **માતા-પિતાના મમત્વભાવને જીવતાં જ છોડવાનો ઉપદેશ જ્ઞાની ભગવંતોએ આપ્યો છે.** તે મમત્વ ન છોડે તેને મર્યા પછી - કે મરણ સમયે મમત્વ છોડવાનું કાર્ય થોડું અઘરું બને છે. કેટલીક જવાબદારીઓ તેઓ વહન કરતા હોય તેય જવાબદારી હવે દીકરાઓ વગેરે ઉપર આવી જાય છે. તેથી પણ થોડો ભાર લાગે છે. વ્યક્તિના જવાથી હૈયા પર અને જવાબદારીના કારણે મગજ પર ભાર વધે છે.

જે વસ્તુ આપણા આધીન હોય તેને છોડી આપણા હાથમાં ન હોય તેને માટે શું કરી શકાય ? જે ઘટના બની છે તેને સ્વીકારવી જ રહી ! જ્ઞાની ભગવંતોનાં વચનો આપણને સાંત્વન - સમાધિ સાથે છે. શાસ્ત્રમાં લખ્યું છે : જ્યાં સંયોગ છે, ત્યાં વિયોગ પણ અવશ્ય આવે જ છે. ભેગા થવું અને છૂટા પડવું... જગતનો આ સ્વભાવ છે. માનવ - માનવ વચ્ચેય સ્વભાવનો મેળ સાધવો પડે છે અર્થાત્ તેને અનુકૂળ થઈને ચાલવું - રહેવું પડે છે, તેમ આ જગતના સ્વભાવને સ્વીકારીને ચાલવાનું છે.

જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. માટે જ જ્ઞાની ભગવંતો કહે છે : જન્મ તે ગુનો છે, મૃત્યુ તેની સજા છે. ગુનો કર્યા પછી સજા ભોગવ્યા વગર ચાલે ? ન જ ચાલે. બીજા ગુનાની તો માફી પણ મળી શકે, જ્યારે જન્મના ગુનાની માફી ન



મળે તેની સજા અવશ્ય ભોગવવી જ પડે.

જિજ્ઞેશ ! તેં તો બંનેની સેવા કરવામાં ક્યાંય કચાશ નથી રાખી. માત્ર ધન જ ખર્ચીને સેવા નથી કરી. આવા કોરોના ગ્રસ્ત માતા-પિતાની સેવા કરવી, એ કોઈ ખાવાના ખેલ નથી. ભલ-ભલાને ડર લાગે એવી આ ચેપી બીમારી છે. હોસ્પિટલમાં સ્ટાફના અભાવે તને એ પણ તક મળી ગઈ... માટે તારે તો એ માતા-પિતાના ઉપકારનો બદલો વાળવાનો લાભ મળ્યાનો સંતોષ માનવાનો છે. તેમની પાછળ 'મને ચેપ લાગશે તો... ?' એ વિચાર કર્યા વગર, રાત-દિવસ, ભૂખ - તરસનોય વિચાર કર્યા વગર એ સેવાનો લાભ તેં ઉઠાવ્યો ધન્યવાદ ઘટે છે.

પૂરા પરિવારને જણાવવાનું કે - દિનેશભાઈ અને કલાબેન પાછળ શોક કરી, રડા-રોળ કરી શોક મોહનીય કર્મ ન બાંધશો. તેના બદલે એ બંને પુણ્યાત્મા જ્યાં પણ હોય ત્યાં સુખ-શાંતિ-સમાધિ અને પ્રભુનું શાસન પામે; એવી પ્રાર્થના કરવા સાથે એક દિવસ આપણે પણ જવાનું છે, એમ વિચારી ધર્મની આરાધનામાં વિશેષ લાગી જવાનું છે.

અવશ્ય આવનારા મૃત્યુને અટકાવી ન જ શકાય પણ સુધારી તો શકાય... તેથી મૃત્યુને સુધારવાની પ્રક્રિયા અત્યારથી જ શરૂ કરી દેવા જેવી છે. મોતને સુધારવા માટે જીવનને સુધારવું જરૂરી છે, તે માટે માત્ર પૈસા - પરિવારની પાછળ જ નહીં, થોડો સમય આત્મા માટે પણ કાઢવો પડશે. આત્મા અને પુણ્ય-પાપ (કર્મ) સિવાય પરલોકમાં કાંઈ જ આવવાનું નથી. પરલોકમાં લઈ જવાની સારી કમાણી કરીને નિશ્ચિત બની જાઓ; એ જ મનોકામના.

સા. શ્રી ભદ્રિકાશ્રીજી, હર્ષનંદિતાશ્રીજી આદિ તરફથી પણ ધર્મલાભ જાણશો. તેઓએ પણ ધૈર્ય સાથે આગળ વધવા જણાવ્યું છે.

**દ. આ.વિ.ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ.**

(૩) **આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ તથા સા.ભદ્રિકાશ્રીજી હર્ષનંદિતાશ્રીજી, પદ્મનંદિતાશ્રીજી આદિ તરફથી,**

ધર્માનુરાગી સુશ્રાવક રમેશભાઈ, સમીપકુમાર આદિ યોગ્ય ધર્મલાભ. વિ.જણાવવાનું કે-સુશ્રાવિકા હંસાબેન કોરોના મહામારીમાં સપડાઈ ગયાં ને તમે તેમને બચાવી ન શક્યા. આયુષ્યની પૂર્ણાહુતિ થતાં સૌને જવાનું જ છે. લાખ ઉપાય કરતાંય તૂટેલા આયુષ્યને સાંધી શકાતું નથી. માટે જ કહેવાય છે કે - 'તૂટી

તેની બૂટી નહીં !' તૂટેલા દિલને કદાચ સાંધવામાં માનવ સફળ થઈ શકે પરંતુ તૂટેલી આયુષ્યની દોરીને કે સાંધવામાં માનવ તો શું દુનિયાને ઊંધી - ચત્તી કરવામાં સમર્થ એવા દેવો કે ઇન્દ્રોય સફળ થઈ શકયા નથી. આખી દુનિયા ભેગી થઈને યમરાજને પકડવા માંગે અને તેને રોકવા પ્રયત્ન કરે તો પણ એ સંભવિત નથી. કર્મની સામે ભલ-ભલા માંધાતા અને ખેરખાંઓનેય ઘુંટણિયા ટેકવવા પડે છે. ત્યાં આપણું શું ગજું ?

વાસુદેવ લક્ષ્મણનું મૃત્યું થઈ ગયું... મોટા ભાઈ રામચંદ્રજી એ વાતને સ્વીકારવા તૈયાર નથી. પોતાના ખભે તેના મડદાને ઉપાડીને છ - છ મહિના રામચંદ્રજી ફર્યા - કારણ, રામચન્દ્રજી અને લક્ષ્મણ વચ્ચે એવો અજોડ પ્રેમ હતો. રામચન્દ્રજી એમ જ માનતા હતા કે - મારો ભાઈ રિસાયો છે. મૃત્યુ નથી પામ્યો. હું તેને ચોક્કસ મનાવી લઈશ... રામચંદ્રજી જેવાનેય મોહ સતાવતો હતો. મોહની ગતિ જ એવી છે.

સંયોગ હંમેશા વિયોગમાં પરિણામતો હોય છે. સંયોગનો આનંદ માણનારે વિયોગના દુઃખ માટે તૈયારી રાખવી જ પડે.

જન્મ પછી રોગ આવે કે ન પણ આવે. વૃદ્ધાવસ્થા આવે કે ન પણ આવે, દરિદ્રતા આવે કે ન પણ આવે... પરંતુ મૃત્યુ તો અવશ્ય આવે જ. તેને કોઈ જ ન રોકી શકે. માટે જ જ્ઞાની ભગવંતો કહે છેઃ ''જન્મ એ ગુનો છે, મૃત્યુ તેની સજા છે. ગુનો કરનારે સજા ભોગવવા તૈયાર રહેવું જ જોઈએ. તે સજા મળે તે પૂર્વે પરલોકમાં લઈ જવા માટે ભાતું બાંધી લેવું જોઈએ. જે સાથે લઈ જવાની સામગ્રી તૈયાર રાખીને બેઠો હોય તેને મોત ગમે ત્યારે આવે તેની ચિંતા હોતી નથી. તે મોતથી ડરતો નથી. આવો જીવ મોતને ભલે અટકાવી ન શકે પરંતુ મોતને જરૂર સુધારી શકે છે. આપણે પણ એ જ કાર્ય કરવાનું છે.

કેયૂર અને વિધિએ ખૂબ જ સારી સેવા કરી તેમના ઉપકારનો બદલો વાળવાનો સુંદર પ્રયત્ન કર્યો. ધન્યવાદ. હવે તે દિવંગત પુણ્યાત્મા માટે બધાએ એક જ ભાવના ભાવવાની કે - 'એ આત્મા જ્યાં પણ હોય ત્યાં શાંતિ - સમાધિ અને ભગવાનનું શાસન પ્રાપ્ત કરે. મુક્તિ તરફ આગળ વધે.'

હંસાબેનના ગુણોનું સ્મરણ કરી એ ગુણો આપણા જીવનમાં લાવવાનો પ્રયત્ન કરશો. રાગ-મોહ હોય છે ત્યાં જ દુઃખ - ગમગીની આવે છે. માટે રાગ-મોહથી જ



દૂર રહેવા જેવું છે.

જીવનનો કોઈ ભરોસો નથી. માટે શક્ય તેટલો વધુ ધર્મ કરી લેવાનો છે. અચાનક આવેલું મોત આપણને ઠગી ન લે. અંધારામાં ન રાખે. એ માટે સામાયિક - પ્રતિક્રમણ - પૂજા - નવકારનો જાપ વગેરે વધારે કરશો. શ્વેતાબેન, કેયૂર, વિધિ વગેરેને ધર્મલાભ. **લિ.આ.ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ...**

(ક્રમશઃ) ધ

## ★ પુનર્જન્મ ★★★

**સંકલન**

### હાથણીનો અદ્‌ભુત પ્રેમ!

**મીરઝાપુરઃ** અહીં હસ્તિની નંદીને મહાવત શેરખાન પાણી પીવડાવા અને સ્નાન કરાવવા તળાવ પર લઈ ગયો. પાછા વળતી વેળાએ એક લીલું ઝાડ જોઈ તેના પાંદડા તોડીને નંદીને ખવડાવવા માંડ્યાં. મહાવત વાંકો વળીને ડાળી તોડવા જતાં સમતોલપણું ગુમાવતાં નીચે પડ્યો. જમીન પર પડેલા પત્થર સામે માથું ભટકાતાં મરણ પામ્યો. નંદીની થોડીવાર ઊભી રહી. પછી સૂંઢમાં મહાવતને ઊંચકી જમીનદાર પાસે લઈ આવી. જમીનદાર ગમગીન થઈ ગયો.

શેરખાનના સગાંઓ શબ લેવા આવ્યા ત્યારે નંદીની કોઈપણ ભોગે શબને અડવા દેવા તૈયાર ન હતી ! કોઈ ઉપાય ન દેખાતાં તબીબોએ શબ ગંધાય નહિ માટે દવાઓ છાંટી. હસ્તિની ત્યાં અન્નજળનો ત્યાગ કરી છ દિવસ બેસી રહી. શેરખાની પુરાકદની પ્રતિમા બનાવી નંદીની પાસે મૂકી, ત્યારે શાંત થઈ. અન્નજળ ગ્રહણ કર્યાં.રોજ પ્રભાતે પ્રતિમા પાસે જઈ અડધો કલાક સૂંઢથી પંપાળે છે, પછી જ આગળ વધે છે! નવા મહાવત શેરખાની પૂજા કરે ત્યાર પછી નંદીની અડવા દે છે ! પૂર્વભવનો પ્રેમ !-(જનશક્તિ)

### અમેરીકાની બાળા પૂર્વજન્મની હકીકત કહે છે.

હમણાં અમેરીકાના કોલોરોડીમાં પ્યૂએબ્લો નામના સ્થળે મોરેબર્નસ્ટાઈને હિપ્નોટાઈઝ કરીને, રૂથસમિન્સ નામની બાળા પાસેથી પૂર્વજન્મ સંબંધી ઘણી હકીકતો પ્રાપ્ત કરી હતી.

રૂથે બતાવ્યું કે, તેનો જન્મ પ્રાય : ૧૦૦ વર્ષ પૂર્વે આયરલેન્ડમાં થયો હતો. ત્યાં કાર્ક નામના નગરમાં કોઈ મેકાર્થિના સાથે વિવાહ કર્યો હતો. તે વખતે તેણીનું

નામ બ્રાઈડીમર્ફી હતું. તેણીએ વિસ્તારથી પોતાના પૂર્વજન્મના ઘરની નાનીમાં નાની અને મોટી વાતો કહી હતી. તે વાતોથી લાગતું હતું કે, તેણી નિશ્ચયથી ૧૦૦ વર્ષ પૂર્વે આયરલેન્ડમાં જન્મી હતી.

તે હકીકત સાંભળીને કેટલાક છાપાના ખાસ ખબરપત્રી આયરલેન્ડમાં ગયા. ત્યાં મર્ફી અને મેકાર્થી નામના સર્વ પરિવારની તથ્ય હકીકતો જ્યાંથી મળી ત્યાંથી ભેગી કરી. તેમાં ઘણી વાતો સાચી નીકળી. કેટલીક ખોટી નીકળી.

નિષ્ણાંતોનું કહેવું છે કે, પૂર્વજન્મની સ્મૃતિમાં કેટલીક વાતોમાં ગડબડ થવી સ્વભાવિક છે. બ્રાઈડીમર્ફીએ બતાવેલી વાતો યર્થાર્થ પ્રમાણિત થઈ તે આશ્ચર્ય કહેવાય ! - (ધર્મયુગ) ૧૭-૧૧-૬૩

**પુનર્જન્મ !** એવાં દ્રષ્ટાંતો પણ નિષ્ણાંતોને મળ્યા છે કે, પૂર્વજન્મની સ્મૃતિના ચોક્કસ પ્રમાણ મળ્યાં હોય. કેટલીક વ્યક્તિએ એવાં સ્વપ્ન જોયાં છે, કે જેથી પૂર્વજન્મમાં સુરક્ષિત ધનનો ઠીક ઠીક પત્તો લગાડવામાં આવ્યો છે.

કોઈ કોઈ વખત એવું જોવામાં આવે છે કે, કોઈ વ્યક્તિ કોઈ નવા અપરિચિત સ્થળે પહોંચે છે અને તેને એવો અનુભવ થાય છે કે, તેને આ સ્થળનો ઘણા - વખતથી પરિચય છે. અને તે સ્થળોનો ઈતિહાસ, વ્યકિતઓ અને જૂનાં મકાનો સંબંધી વિસ્તારથી એવી રીતે કહેવા માંડે છે કે, તે ઘણા સમયથી તે સ્થળ સાથે સંકળાએલો અને સારી રીતે પરિચિત હોય તે રીતે સર્વ વાતો ઠીક ઠીક બતાવે છે.

લોકો આ જન્મમાં કર્મચક્રમાં એવી રીતે ફસાયેલા હોય છે કે, તેઓ પ્રત્યક્ષ જીવન સિવાય પરોક્ષજીવનની કોઈ પણ વાતમાં દિલચસ્પી લઈ નથી શકતા.

પરંતુ ઊંડાણથી વિચારતાં જન્માન્તરવાદનો પ્રશ્ન મનુષ્ય માટે જેટલો મહત્ત્વપૂર્ણ, ગંભીર અને વિચારણીય છે એટલો બીજો કોઈ પ્રશ્ન ભાગ્યે જ હશે. જો જન્માન્તરવાદ નિશ્ચિતપણે પ્રમાણિત થાય તો એક જન્મથી બીજા જન્મ તરફ અગ્રેસર થવામાં મૃત્યુ બાધક નથી, તો મનુષ્યના અંતરમાં અજ્ઞાત બાબતો માટે જે ભયની ભાવના બેઠી છે, તે વિલીન થઈ જાય.

વળી, વ્યક્તિ પોતાના આંતરિક વિકાસની એક લાંબી યોજના બનાવીને, જીવનને ભૂત, વર્તમાન અને ભવિષ્યની એક વ્યાપક પૃષ્ઠભૂમિમાં જીવે અને સમજવા પ્રયત્ન કરતો થઈ જાય.

મનુષ્યની સત્તાને એક જન્મના સંકુચિત વાડામાં બાંધીને જોવાના કારણે આજે વ્યક્તિગત, સામાજીક, રાષ્ટ્રગત અને આંતરરાષ્ટ્રીય - સર્વક્ષેત્રોમાં જીવન



અત્યન્ત સંકુચિત, સ્વાર્થપૂર્ણ અને કુંઠિત થઈ ગયું હોવાથી સર્વત્ર એક એવી હવા ફેલાઈ ગઈ છે કે, માનવજીવનની કોઈ સાર્થકતા ક્યાંય પણ નજરે પડતી નથી. ભૂત અને ભવિષ્યથી ભિન્ન વ્યક્તિત્વ અને જીવન કેવલ એક નિરર્થક ગૂંચવાડો અને ઉટપટાંગ સ્વપ્ન બનીને રહી જાય છે.

ભારતીય સાહિત્યમાં જીવનની લીલામય, સાર્થક અને સમન્વિત રૂપને ચિત્રિત કરવાની પ્રવૃતિ બરોબર દેખાય છે. કારણ કે ભારતીય ચિન્તકો, કવિઓ અને કલાકારોએ જીવનને એક એવી અખંડ - અવિચ્છન્ન ધારાના રૂપમાં જોયું છે કે, જે ધારા યુગથી યુગાન્તર અને જન્મથી જન્માંતર તરફ વૃદ્ધિ પામતી, નિરન્તર નવા નવા પરિવેશો, રંગો, રસો, અને રાગમાં સૃજન કરતી ચાલી જાય છે. જે મોટી મોટી શિલાઓને કાપતી અને લાંબા રણમાં ભટકતી હોવા છતાં ખોવાઈ જતી નથી, પરંતુ આગળ વધીને પોતાની બન્ને બાજુ નિત નવી હરીઆળી વિખેરતી ચાલી જાય છે.

જીવનની આ અનાદિ અનન્ત ગતિ જ , જાણેઅજાણે જીવનના સર્વ દુઃખો, કષ્ટો અને ગૂંચવાડા હોવા છતાં - મનુષ્યના મનમાં જીવનના પ્રતિ એક અતૂટમોહ કરતી રહે છે, અને નિત નવી ઉત્સુકતા અને કુતૂહલ જગાવતી રહે છે. જે લોકો ઘોર ભૌતિકવાદી છે તે પણ ઘોરમાં ઘોર કષ્ટો વચ્ચે પણ મૃત્યુથી ભય પામતા રહે છે અને સર્વ કાંઈ જાણતાં હોવા છતાં પણ અનંતકાલ સુધી જીવતા રહેવાની તૃષ્ણા મનમાં રાખતા હોય છે! તેનો અર્થ એવો થાય છે કે, તેઓ સચેત મનથી ભલેને જન્માન્તરવાદમાં વિશ્વાસ નથી, એમ કહેતા હોય તો પણ પોતાના અંતર - મનમાં અજાણતાં તેઓ જાણતાં હોય છે કે, જીવનચક્ર એક એક જન્મમાં સમાપ્ત થતું નથી. કેવલ સામૂહિક જીવન અને વૈયક્તિક જીવન પણ મૃત્યુના ક્ષણિક અંતરાય હોવા છતાં પોતાને નિરન્તર નવા નવા રૂપોમાં વ્યક્ત કરતા અને વિકસિત થતા રહે છે.

આધ્યાત્મિક વિજ્ઞાનને અવાસ્તવિક અને અહેતુક માનવાવાળા ઘોર ભૌતિકવાદી વૈજ્ઞાનિકો ચરમ-વૃધ્ધાવસ્થામાં પણ વિજ્ઞાનસંબંધી નવી નવી શોધખોળોમાં એકાન્ત લગનથી મહેનત કરતા દેખાય છે. મૃત્યુને નજીક જાણવા છતાં અને પોતાની અંતિમ સ્થિતિ સમજવા છતાં પણ તેમની આ લગનનું એક કારણ હોય છે કે, તેઓ અજ્ઞાત મનમાં મૃત્યુને અંતિમ સ્થિતિ નથી માનતા અને જીવનની અખંડિતતા પર વિશ્વાસ કરે છે. તેમના મૃત્યુ બાદ પણ તેમની વિશેષ શોધખોળો ઉપર તેમની વૈયક્તિક છાપ કાયમ રહે અને તેમના ગયા પછી પણ

લોકો તેમને યાદ કરતા રહે ! આ આકાંક્ષા નાસ્તિક વૈજ્ઞાનિકોમાં પણ દેખાય છે. એનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે, બહાર તેઓ ગમે તે માનતા હોય પરંતુ અંતઃકરણમાં તેઓ વિશ્વાસ કરે છે કે, મરણબાદ પણ જીવન સાથે તેમનો સંબંધ કોઈપણ રૂપમાં અવશ્ય બન્યો રહેશે. ધ

## ★ અનુમોદનાનું અમૃત ★★★

-સંકલન

પૂજ્યપાદ આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૩ તથા પ્ર.પૂ. સાધ્વીજીશ્રી ભદ્રિકાશ્રીજી મ.આદિ ઠા.૪ ની નિશ્રામાં; બેંગલોર - શ્રીપાર્શ્વ - સુશીલધામ, સુરાણાનગરનાં આંગણે, શ્રીમતી ભંવરીબેન ઘેવરચંદજી સુરાણા પરિવાર તરફથી ચાતુર્માસિક આરાધના સુંદર ચાલી રહી છે. કોરોના - કોવિડ - ૧૯ મહામારી હજી શાંત ન થઈ હોવાના કારણે સીમિત સંખ્યામાં (૬૦-૭૦) આરાધકોને અહીં રાખવામાં આવ્યાં છે. તેથી પ્રવચનાદિ ચાલું છે.

અષાઢ વ.૨ તા.૨૫-૭-૨૦૨૧ રવિવારથી સામુહિક ૨૮ લબ્ધિતપ ચાલું થયેલ છે. બુધવાર અ.વ.૫ તા.૨૮-૭-૨૧ થી 'શ્રાદ્ધવિધિ' ગ્રંથના આધારે પ્રવચનો ચાલું થયાં. તે દિવસે સુરાણા પરિવારે ગ્રંથવહોરાવવાનો - પૂજા - પૂજનાદિનો લાભ લીધો. ગુરુપૂજન પણ તે પરિવારે જ કર્યું.

અષાઢ વ. દ્વિતીય આઠમ, તા.૧-૮-૨૦૨૧ રવિવારે સ્નાત્ર મહોત્સવ થયો. સંગીતકાર કમલેશભાઈએ રાગ-રાગિણીમાં સ્નાત્ર ભણાવી સૌને ભીંજાવ્યા. પૂ. ગુરુદેવે સ્નાત્રનાં અર્થ અને રહસ્યની વાત કરી - સંવેદના કરાવવાથી ભાવિકો ભાવવિભોર થઈ ગયા. સુરાણા પરિવારના શ્રીમતી ભંવરીબેન તથા બંને સુપુત્રો દિલીપભાઈ - આનંદભાઈ તથા બંને પુત્રવધૂઓ સૌ. અર્ચનાબેન - સૌ. મોનાબેન આદિએ તમામ વિધિ કરી હતી.

દરપૂનમે સુરાણા પરિવાર આવનાર તમામ સાધર્મિકોની ભક્તિકરે છે. પૂનમે ૫૦૦-૫૦૦ ભાવિકો આવે છે. દર રવિવારે ૩૦૦ આસપાસ યાત્રિકો આવે છે.

સુરાણા પરિવારનાં વડીલ ભંવરીબેન (ઉ.વ.૭૭) રોજ એકાસણાં કરે છે. મહિનામાં સાત આયંબિલ કરે છે. રોજ બે ટાઈમ પ્રતિક્રમણ તથા બે વાર સામાયિક નિયમિત કરે છે. તીર્થ જેવા આ સંકુલનું પૂરું ધ્યાન રાખે છે. ભારતની પ્રસિદ્ધ



માઈક્રો લેબ્સ (દવાની કંપની) નાં માલિક હોવા છતાં ક્યાંય શેઠાણી જેવો ભાવ જોવા ન મળે. ભોજનશાળામાં જાતે રોટલી વણવાય બેસી જાય , રસોઈ પણ કરવા લાગી જાય. નમ્રતાય આંખે વળગે તેવી છે. આગ્રહ કરીને બધાને જમાડે છે. સાધુ - સાધ્વીજીની ભક્તિ પણ જાતે જ કરે. સ્નાત્ર રોજ ભણાવે છે. મોટા સુપુત્ર દિલીપભાઈને ધર્મનો રસ સારો છે. સમય કાઢીને પ્રવચન શ્રવણ, પૂજા-આરાધના કરે છે. નાના-સુપુત્ર આનંદભાઈ આંતરરાષ્ટ્રીય કારોબાર સંભાળતા હોવા છતાં રોજ સવારે પ્રતિક્રમણ - સામાયિક કરે છે. જ્ઞાનનો અભ્યાસ પણ ચાલું છે. ક્રિયારુચિવાળા છે.

રોજ પ્રવચનમાં ૧૦-૨૦-૩૦-૪૦ રૂ. સુધીનાં સંઘપૂજન થાય છે. આ બાજુનાં પ્રદેશમાં નિત્ય આરાધના, આવશ્યક ક્રિયાઓ વગેરેમાં પાયાના જ્ઞાનનો અભાવ હોવાથી શ્રાદ્ધવિધિગ્રંથ પસંદ કરાયો છે, જેથી પ્રાથમિક જ્ઞાન મળી જાય. ભૂમિકા વ્યવસ્થિત રચાઈ જાય.

સાધ્વીજી મ. પાસે બહેનો અભ્યાસ કરે છે. જીવવિચારના વર્ગ ચાલુ છે. જીવવિચાર ભણે તો જીવદયા સારી પાળી શકે. અભક્ષ્ય, અનંતકાયના ભક્ષણાદિ પાપોથી બચી - બચાવે શકે. આ બાજુ ઘણાં ઘરોમાં કંદમૂળાદિ ખવાતું હોય છે. ભક્ષ્યાભક્ષ્યનો વિવેક ખૂબ ઓછો જોવા મળે છે. એમાં વળી, રસના - ઈન્દ્રિય (જીભ) ની ગુલામી ભળે, પછી શું બાકી રહે ? ઈન્દ્રિયોનો ગુલામ પાપ કરતાં પાછું વાળીને ન જ જુએ; એ સ્વાભાવિક છે. ઈન્દ્રિયોનો ગુલામ મોટેભાગે તિર્યંચ અથવા નરકગતિમાં ચાલ્યો જાય છે.

જીવવિચાર ભણવાથી જીવ-અજીવનો સ્પષ્ટ બોધ થાય છે. નવતત્ત્વનો અભ્યાસ કરવાથી શ્રદ્ધા ઉજાગર થાય છે, પરિપક્વ બને છે. નવતત્ત્વમાં પહેલું જ તત્ત્વ 'જીવ' છે. તે જાણવા યોગ્ય છે.

કોરોનાનું વાતાવરણ ખાસ નહીં હોય તો દર રવિવારે ભિન્ન-ભિન્ન અનુષ્ઠાન - આરાધના થશે. પ્રસંગોને ઓપ આપવા માટે, શણગાર વગેરે કરવા માટે ગુરુભક્તો - કલ્યાણક અભિષેક પરિવારના સભ્યો બેંગલોરના વીવીપુરમ્, બસવનગુડી, નગરથપેટાદિ વિસ્તારોમાંથી ભાગ્યશાળીઓ આવે છે. તેમાં ખાસ કરીને પ્રસન્નભાઈ પગારિયા, પ્રવીણભાઈ સોનીગરા, રાજેશભાઈ કટારિયા, અમિતભાઈ બંદામુથા, પ્રથમ -રિશિ વગેરે સુંદર ભોગ આપે છે. ધ

## ગુરુતત્ત્વ અને જિનવચન

**सयलंमि वि जीवलोए, तेण इहं घोसिओ अमाघाओ ।**

**इक्कंपि जो दुहत्तं, सत्तं बोहेइ जिणवचणे ।।**

આ જગતમાં બોધદાતા ગુરુભગવંતે ચૌદ રાજલોકમાં અમારીની ઘોષણા કરી કે - જે ગુરુ દુઃખથી પીડિત એક જીવને પણ શ્રીજિનવચનના માધ્યમથી બોધ પમાડે, તે જીવ સર્વ વિરતિ પામી જીવનભર માટે તથા મુક્ત થયાબાદ હંમેશ માટે સર્વજીવોને અભયદાન આપનાર બને છે. **- ઉપદેશમાળા**